| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૬.૦૩.૨૦૨૬ | | |
| દાખલ તારીખ | : | ૦૬.૦૩.૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૯.૦૩.૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦ | ૦ | ૩ |

આંક–..........

# સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૬૮/૨૦૨૬**

અરજદારઃ **મોન્ટુ ઉર્ફે મોનુ બિબુતી ઉર્ફે વિભુતી ભુષણ ચૌધરી,**
ઉં.આ.૩૬ વર્ષ, ધંધોઃ સુપરવાઈઝર,
રહેવાસીઃ એ–૨૦૪, આનંદીવિલા, હિલપાર્ક
જીવદાની રોડ, વિરાર (ઈસ્ટ), મહારાષ્ટ્ર.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે જામીન અરજી.**

અરજદાર તરફે વિ.આસિસ્ટંટ લિગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ
શ્રી પી.એચ.ઢીમ્મર

સામાવાળા તરફે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા

## ચૂકાદો

(૧) અરજદાર–આરોપીને ભેસ્તાન પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૭૦૨૫૦૦૬૨/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩) ના ગુના સબબ અટક કરવામાં આવેલ હોઈ, તેમણે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ નિયમિત જામીન મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

(૨) હાલના ગુનાની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, અરજદાર–આરોપીએ આ ગુનાના સહઆરોપીની મદદગારીમાં ફરિયાદીના ઘરના દરવાજાનું લોક તોડી, અનધિકૃત પ્રવેશ કરી, રોકડા ₹૭૦,૦૦૦/– ની ચોરી કરી હાલનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૩) હાલની જામીન અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક–૪ થી રજૂ કરેલ સોગંદનામું વંચાણે લીધેલ છે. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

(૪) અરજદાર–આરોપી તરફે વિ.આસિસ્ટંટ લિગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલશ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, અરજદાર–આરોપી તદ્દન નિર્દોષ છે; તેમણે સદર ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ભાગ ભજવેલ નથી; પોલીસે ફક્ત શંકાના આધારે તેમને હાલના ગુનામાં સંડોવી દીધેલ છે; તેમની પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કે ડિસ્કવર કરવામાં આવેલ નથી;

અરજદાર–આરોપી અરજીમાં જણાવેલા સરનામે રહેતા આવેલા છે, તેઓ ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી; તેઓ તપાસમાં સાથ–સહકાર આપશે અને ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેશે. વધુમાં તેઓ નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરશે. જો અરજદાર–આરોપીને જામીન મુક્ત ન કરવામાં આવે તો પ્રિટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. આથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઈ અરજદાર–આરોપીને નિયમિત જામીન પર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

(૫) સરકાર પક્ષે હાલની જામીન અરજીનો ભારપૂર્વક વિરોધ કરતા વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ જણાવેલ છે કે, અરજદાર–આરોપીએ આ ગુનાના સહઆરોપીની મદદગારીમાં ફરિયાદીના ઘરમાંથી રોકડા ₹૭૦,૦૦૦/– ની ચોરી કરેલ છે. તેમની પાસેથી રોકડા ₹૧૦,૦૦૦/– રીકવર કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર–આરોપીનો ગંભીર ગુનાહિત ઈતિહાસ છે; તેઓ રીઢા ગુનેગાર છે. આથી જો તેમને જામીન મુક્ત કરવામાં આવશે તો તે ગુનાહિત પ્રવૃત્તિનું પુનરાવર્તન કરે અથવા નાસી–ભાગી જાય અને ટ્રાયલ સમયે હાજર ન રહે તેમજ ફરિયાદ પક્ષના શાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાકધમકી આપે, તેવી શક્યતા છે; હાલના ગુનાની તપાસ ચાલું છે, જેથી અરજદાર–આરોપીની હાલની જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૬) હાલની જામીન અરજી સંબંધે સૌપ્રથમ તો એ નોંધવું આવશ્યક છે કે, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે વ્યક્તિ સ્વાતંત્ર્ય તેમજ સમાજ વ્યવસ્થા એમ બંને પાસાનો એકસાથે વિચાર કરવાનો રહે છે. બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆતો સાથે તપાસ કરનાર અધિકારીનું આંક–૪ નું

સોગંદનામું, રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર–આરોપીએ આ ગુનાના સહઆરોપીની મદદગારીમાં ફરિયાદીના ઘરમાંથી રોકડા ₹૭૦,૦૦૦/– ની ચોરી કરેલ હોવાના આક્ષેપ મૂકવામાં આવેલ છે. આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા વિ.મેજિસ્ટ્રેટશ્રીને છે. આક્ષેપિત ગુનાનો પ્રકાર, મહત્તમ સજાની જોગવાઈ તેમજ ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે આ કોર્ટને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર–આરોપીની હાલની અરજી ચોક્કસ શરતોને આધીન મંજૂર કરવાનું ન્યાયોચિત જણાતું હોઈ, હું નીચે મુજબ હુકમ કરવો ન્યાયોચિત માનું છું:–

**હુકમ**

અરજદારની ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૬૮/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર–આરોપી **મોન્ટુ ઉર્ફે મોનુ બિબુતી ઉર્ફે વિભુતી ભુષણ ચૌધરી**ને ભેસ્તાન પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૭૦૨૫૦૦૬૨/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩) ના ગુના સબબ તેઓ **₹૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)** ના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી નીચે નિર્દિષ્ઠ કરેલી શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

૧. અરજદાર–આરોપીએ હાલના ગુનામાં તેમના વિરુદ્ધ ચાર્જશીટ દાખલ થતાં સુધી દર અંગ્રેજી માસની એક થી પાંચ તારીખ દરમ્યાન સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

૨. અરજદાર–આરોપીએ હાલના ગુનાની ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

૩. અરજદાર–આરોપીએ પોતાના હાલના અને કાયમી રહેઠાણના સરનામાનો પુરાવો જેમ કે, આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, ચૂંટણી ઓળખપત્ર અને મોબાઈલ નંબર તપાસ કરનાર અધિકારી તેમજ સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા તેમજ રહેઠાણ બદલવાના સંજોગોમાં નવું સરનામું તપાસ કરનાર અધિકારી તેમજ સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવું.

૪. અરજદાર–આરોપીએ સદર ગુનાની તપાસ સંદર્ભે તપાસ કરનાર અધિકારી જ્યાં અને જ્યારે બોલાવે ત્યાં અને ત્યારે હાજર થવું અને તપાસમાં પૂરેપૂરો સાથ–સહકાર આપવો.

૫. સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અરજદાર–આરોપીએ સંબધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેવાનું રહેશે.

૬. અરજદાર–આરોપીએ ફરિયાદી કે તેમના ઘરના કોઈ પણ સભ્યોનો કોઈ પણ પ્રકારે સંપર્ક કરવો નહીં કે ફરિયાદ પક્ષનાં શાહેદોને ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં તેઓ વિરુદ્ધ પુરાવા ન આપે, તે માટે ધાક–ધમકી, લાલચ, દબાણ કે પ્રલોભન આપવા નહીં કે અન્ય કોઈ પણ રીતે ફરિયાદ પક્ષના શાહેદોને ફોડવા નહીં.

૭. અરજદાર–આરોપીએ આ પ્રકારની કે અન્ય કોઈ પણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિનું પુનરાવર્તન ન કરવું.

૮. અરજદાર–આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો, આ હુકમની તારીખથી દિન–૭ (સાત) માં પોતાનો અસલ પાસપોર્ટ જમા

કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

૯. અરજદાર–આરોપીના જામીનદારે જામીનખત રજૂ કરવાના સમયે પોતાના બે ફોટોગ્રાફ્સ રજૂ કરવાના રહેશે અને આ ફોટોગ્રાફ્સ છ મહિનાથી વધુ જૂના ન હોવા જોઈએ.

ઉપરોક્ત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી અરજદારને જામીન ઉપર મુક્ત કરવાનો આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

જામીન અને જાતમુચરકા સંબંધીત અદાલત રૂબરૂ આપવા.

આ હુકમની યાદી સંબંધીત કોર્ટને તથા સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

ક્રિમિનલ મેન્યુઅલના પેરા–૨૫(એ) ની જોગવાઈ મુજબ, આ હુકમની એક નકલ અરજદાર–આરોપીને સંબંધિત જેલ ઑથોરીટી મારફત પૂરી પાડવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૯મી** માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP